# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

તારીખ : 28/5/19

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૦/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3651-7

રજી. એડી. પત્ર

પ્રતિ,
ખીમાભાઈ ભાયાભાઈ કરમુર
મુ. પો. : દેવળિયા , તા. : કલ્યાણપુર, જી. : દ્વારકા- ૩૬૧૩૨૦,

વિષય : ખેત ઘર જોડાણ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૭૦/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

1A

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર.



...quarter=%...4%27&regino=70&circle=%27JAMNAGAR%27

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૦/ક્વા-૪/૨૦૧૮-૧૯/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૦/ક્વા-૪/૨૦૧૮-૧૯

| | |
|---|---|
| અરજદાર: | ખીમાભાઈ ભાયાભાઈ કરમુર ગામ: દેવળિયા |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વિભાગીય કચેરી, દ્વારકા |
| રજૂઆત કરનાર: | એન. એચ. વીસાણા, નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર, અને<br>કે.એ.ઓઝા,નાયબ ઈજનેર, કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L.

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર |
| તારીખ: | ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર** ખીમાભાઈ ભાયાભાઈ કરમુર, મું. પો. : દેવળિયા ગામે તેઓની જમીન માં રહેઠાણ માટે પાકા મકાન આવેલ છે, જેમા ઘરવપરાશ વીજજોડાણ ની માંગણી તા.૦૧–૦૬–૧૫ ના રોજ કરેલ હતી. તેમજ સદર બાબતે વારંવાર સામેવાળા ને રજુઆત કરવા છતા – વીજજોડાણ ન મળેલ નથી. સદર બાબતે છેલ્લે પીજીવીસીએલ દ્વારા જણાવેલ કે અરજદાર દ્વારા સદર અરજી મેન્યુઅલી રજીસ્ટર્ડ કરાવેલ હોવાથી દફતરે થઈ ગયેલ છે. જેથી, તેઓએ તા.૧૯–૦૬–૧૮ થી ફરીથી અરજી કરેલ છે. તેમ છતા – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ નથી. તેઓને વીજજોડાણ ન હોવાથી દૈનીક જીવન જરૂરીયાત ના કામકાજ અને બાળકોનો અભ્યાસ થઈ શકતો ન હોવાથી, અરજદાર ને મોટુ નુકશાન થાય છે, તેમ જણાય છે. જેથી, અરજદારે પીજીવીસીએલ પક્ષકાર પાસેથી દંડ વ્યાજ સહીત શા માટે ન મેળવવો – તેમજ સેવાકીય ખામી બાબતે જરૂરી દંડ દરરોજ ના રૂ.૧૦૦/– લેખે તેઓને મળવા બાબતે – અને સદર માંગણી મુજબ ના જોડાણ ને મળવા બાબતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી ખીમાભાઈ ભાયાભાઈ કરમુર દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. દેવળીયા ખાતે ખેત ઘર જોડાણ બાબત માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને જણાવવાનું કે સદર અરજદાર દ્વારા માંગેલ ખેતીવાડી ઘર વીજ જોડાણ માટેના ખુટતા કાગળોની પૂર્તતા કરાતા, નાયબ ઈજનેર કલ્યાણપુર દ્વારા અરજદાર ની અરજી અન્વયે વીજ જોડાણ બાબતે ના સર્વેની કામગીરી પૂર્ણ કરી એસ .આર. નં-૧૧૯૩૭૬૨૧ થી તાંત્રિક મંજૂરી માટે મોકલી આપતા સદર કામગીરીથી સંતુષ્ટ થઇ સમાધાન પુરશીશ માં સહી કરી આપેલ છે જેની નકલ ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૨૦–૦૫–૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot